# એક વિચારપ્રેરક છતાં માહિતીપ્રદ પ્રશ્નઃ સબમરીનની અંદરની ‘જીવનશૈલી’ કેવી હોય?

અત્યાર સુધીમાં અહીં આપણે ભારતીય ખુશ્કીદળ (અરે ભાઈ, ઈન્ડિયન આર્મી)ની દૃષ્ટિએ પહાડી મોરચાના તેમજ સિયાચીન જેવા પહાડી તૈનાતીના પડકારો તેમજ હવામાનલક્ષી પડકારો પણ ધરાવતાં મોરચાઓ પર ફરજ બજાવતા જવાનોની શારીરિક-માનસિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ હાલત કેવી થાય અને તેનો સંભવિત ઉકેલ શું હોઈ શકે તે અંગે ઘણીવાર વાત કરી છે. આ વખતે આ જ મુદ્દે પહાડી મોરચા અને જમીન મોરચાથી દૂર હટીને દરિયાઈ મોરચે ફરજ બજાવતા ભારતીય નૌકાદળના જવાનો સામે આવતાં અનિવાર્ય પડકારોની વાત કરીએ અને તે સાથે દરિયાઈ મોરચે ફરજ બજાવતા જવાનોને પણ શારીરિક-માનસિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ જે સમસ્યાઓનો સામનો કરવો પડે તેમજ આ સમસ્યાઓના ઉકેલ તરીકે શું અને કેવાં પગલાં લેવામાં આવે છે તેની પણ વાત કરીએ.



ઈન્ડિયન નેવીમાં આ દૃષ્ટિએ સૌથી વધુ પડકારજનક ડ્યુટી અને કામગીરી સબમરીન બ્રાન્ચમાં ફરજ બજાવતાં જવાનો અને અધિકારીઓની હોય છે. એટલે જ વળી, ઈન્ડિયન નેવીમાં સૌથી વધુ પડકારજનક તાલીમ પણ સબમરીન બ્રાન્ચમાં ભરતી થતા ઉમેદવારોને જ આપવામાં આવે છે. આ વાત કરતાં 1971ના ભારત-પાક. યુદ્ધનો એક ઓછો જાણીતો છતાં રસપ્રદ અને સમજવા જેવો પ્રસંગ ટાંકવાયોગ્ય લાગે છે. આ પ્રસંગનો સમયગાળો 30મી નવેમ્બર, 1971થી શરૂ કરીને 20મી ડિસેમ્બર, 1971 સુધીનો, એટલે કે પાકિસ્તાને સત્તાવાર રીતે ભારતની શરણાગતિ સ્વાકાર્યાના પણ વધુ ત્રણથી ચાર દિવસ પછીના સમય સુધીનો છે.



એમાં બન્યું હતું એવું કે 1971ના ઉત્તરાર્ધમાં લગભગ નિશ્ચિત બની ચૂકેલા પાકિસ્તાન સામેના યુદ્ધની તૈયારીના ભાગરૂપે કમાન્ડર વી.એસ. શેખાવતના નેતૃત્વમાં ભારતીય સબમરીન કારંજને કરાંચીના સાગરકાંઠે પહોંચવા માટે રવાના કરી દેવામાં આવી હતી. તે સમયે આ સબમરીનની મુખ્ય ભૂમિકા કરાંચીના દરિયાકાંઠે પહેરો ભરવાની હતી. આ જ ભૂમિકા તે 20 ડિસેમ્બર, 1971 સુધી કરાંચીના સાગરકાંઠે સાગરપેટાળમાં રહીને ભજવતી રહી હતી. એક સબમરીન સળંગ 20 દિવસ સુધી સાગરપેટાળમાં રહીને આ રીતે કામગીરી કરતી રહે તે પોતે જ એક રેકોર્ડ છે, જે કારંજના નામે નોંધાયેલો છે. એ ઉપરાંત 1971ના આ યુદ્ધમાં ભારત તરફથી સૌથી વધુ વપરાયેલું જો કોઈ શસ્ત્ર હોય તો એ પણ સબમરીન કારંજ છે. આ વાત પણ સત્તાવાર રીતે નોંધાયેલી છે. આ પરાક્રમ માટે તેના કમાન્ડર વી.એસ. શેખાવતને વીરચક્ર પણ એનાયત થયું હતું. વધુ એક વાત એ પણ નોંધવી રહી કે કારંજના કમાન્ડર વી.એસ. શેખાવત આ ઘટનાના લગભગ બે દાયકા પછી ભારતીય નૌકાદળના વડા પણ બન્યા હતા.

આ તો એક ઐતિહાસિક કિસ્સો છે પણ તે કિસ્સા નિમિત્તે એક કલ્પના કરવા જેવી છે કે સતત 20 દિવસ સુધી સાગર પેટાળમાં ચુસ્ત રીતે બંધ સબમરીનમાં યુદ્ધલક્ષી સજ્જતાના તણાવ સાથે રહેનારા જવાનો અને અધિકારીઓની માનસિક-શારીરિક હાલત કેવી થાય? અથવા બીજા શબ્દોમાં એમ કહી શકાય કે આ પ્રકારની સખત પડકારજનક ડ્યૂટી નિભાવવા માટે કેવું મજબૂત અને ફોલાદી મનોબળ જોઈએ? એનો કંઈક ચિતાર તો આપણને આ કિસ્સામાંથી જ મળી રહે છે. આ કિસ્સો ‘યુદ્ધ-’71’ નામના જે પુસ્તકમાંથી લીધો છે તેમાં સબમરીન કારંજની આ લાંબી ડ્યૂટી દરમ્યાનની સ્થિતિનો ચિતાર કંઈક આ રીતે આપ્યો છેઃ “સબમરીન પાણીમાં ગરક થાય એ પછી તેનું ડીઝલ એન્જિન બંધ કરી દેવું પડે, કેમ કે ડીઝલના દહન પૂરતી હવા ફાજલ પાડી શકાય નહીં. સબમરીન ત્યારબાદ ફક્ત બેટરી વડે હંકારે, પણ બેટરીનો એકધારો વપરાશ થાય એ વખતે આડપેદાશ તરીકે જે હાઈડ્રોજન છૂટો પડે તે સબમરીનનું તો અસ્તિત્વ જોખમમાં મૂકી દે. સબમરીનની અંદર નજીવો તણખો ઝરે તો પણ વિસ્ફોટ થવાનો ભય રહે. આમ છતાં કેપ્ટન વી.એસ. શેખાવતે સપાટી ઉપર આવવાની લાલચ રોકી અને સાગર પેટાળમાં અનેક દિવસો ગુજારી નાખ્યા.” આ રીતે આ કિસ્સો સબમરીનની આંતરિક જીવનશૈલીના પડકારો સરળ શબ્દોમાં સમજાવે છે.

**“સબમરીન પાણીમાં ગરક થાય એ પછી તેનું ડીઝલ એન્જિન બંધ કરી દેવું પડે, કેમ કે ડીઝલના દહન પૂરતી હવા ફાજલ પાડી શકાય નહીં. સબમરીન ત્યારબાદ ફક્ત બેટરી વડે હંકારે, પણ બેટરીનો એકધારો વપરાશ થાય એ વખતે આડપેદાશ તરીકે જે હાઈડ્રોજન છૂટો પડે તે સબમરીનનું તો અસ્તિત્વ જોખમમાં મૂકી દે**

**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ

માત્ર જૂલે વર્નની જાણીતી કૃતિ ‘સાહસિકોની સૃષ્ટિ’માં જ નહીં બલકે આજે પણ મિલિટરી સબમરીનની અંદરની જીવનશૈલી કલ્પના અને જિજ્ઞાસા એમ બંનેનો વિષય બની રહેવા માટેનાં તમામ તત્ત્વો ધરાવે છે ત્યારે જીવનશૈલીનો વિગતે પરિચય મેળવવા જેવો છે.

સબમરીનમાં ડ્યુટી બજાવતા ક્રૂ મેમ્બર્સ માટે સૌથી પહેલો પડકાર તો અતિ મર્યાદિત આંતરિક જગ્યાનો જ હોય છે. વિવિધ યંત્રો (હવે તો કમ્પ્યુટર્સ પણ ખરાં.), વિવિધ પ્રકારનાં વાલ્વ્સ, પાઈપ્સ અને બીજી ઘણીબધી અનિવાર્ય વસ્તુઓ વચ્ચે માણસોને રહેવાની જગ્યા તો ઘણી મર્યાદિત રહે છે અને એમાં જ સૌએ એડજસ્ટ કરવાનું હોય છે. ખરી કસોટી તો રાત્રે સૂવા ટાઈમે થાય છે. સૂવા માટે કોફિનના કદ અને આકારના નાનાં પાટિયાં જ હોય છે. આ પાટિયાંની વચ્ચે પડદો ગોઠવીને નાની કેબિન જેવું બનાવેલું હોય છે. આમાં સૂતી વખતે જે લોકોની ઊંચાઈ વધુ હોય તેમનું માથું તો છત સાથે ટકરાઈ જ જતું હોય છે.

આ સાથે બીજો મોટો પડકાર સબમરીનની અંદર કુદરતી વાતાવરણની ગેરહાજરીનો હોય છે. સબમરીન દરિયાના પેટાળમાં એટલા નીચા સ્તરે તૈનાત હોય છે કે તેમાં સૂર્યનો પ્રકાશ કે તાજી હવા પ્રવેશી શકતા નથી. સબમરીનને તાજી હવા મેળવવાની તક માત્ર રાત્રે જ મળે છે, જે સમયે દુશ્મનની નજરથી બચીને તે મર્યાદિત સમય માટે દરિયાની સપાટી પર માત્ર ‘ડોકું’ કાઢે છે. પેરિસ્કોપ બહાર આવે એ સ્તરે સબમરીન સપાટી સુધી આવે છે. એટલે આ પ્રક્રિયા ડોકું કાઢવા જેવી જ હોય છે.

સબમરીનની અંદર ટકી રહેવા માટે ક્રૂ મેમ્બર્સે કૃત્રિમ વાતાવરણ સર્જવું પડે તે વળી વધુ એક મોટો પડકાર છે. વધુ એક પડકાર એ છે કે પેટ્રોલિંગ કરતી સબમરીનની ટીમને પેટાળમાં દેખીતી રીતે સમયનો ખ્યાલ આવતો નથી. એટલે અહીં ટાઈમ ટેબલ પણ વિચિત્ર રીતે બને છે. દા.ત. 6 કલાક કામ કરવાનું અને 12 કલાક ઓફ. છતાં વર્ક અને ટ્રેનિંગ સતત ચાલે છે. એટલે અનિશ્ચિતતા અને તણાવ છતાં સજ્જ તો રહેવું જ પડે છે. અને આ દૃષ્ટિએ ઈમર્જન્સી રિસ્પોન્સ માટે સબમરીનમાં બધાં જ ક્રૂ મેમ્બર્સ સબ બંદર કા વેપારીની જેમ કોઈ પણ કામ કરવાની બધી જ સજ્જતા ધરાવતા હોય છે.

આ બધાની વચ્ચે શ્રેષ્ઠ ગુણવત્તાવાળો ખોરાક એ એકમાત્ર સારી બાબત હોય છે. આ ખોરાક દરરોજ વહેલો અને તાજો બને છે. જોકે પાણી મર્યાદિત પ્રમાણમાં વાપરવાનું હોય છે. એ ઉપરાંત પરિવાર સાથે વાત કરવાની તક પણ મર્યાદિત સમય માટે ટૂંકા મેસેજ કરવાની શરત સાથે મળે છે. પરંતુ આ ટીમમાં જ સતત સાથે રહેવાને કારણે પરિવાર જેવી ભાવના મજબૂત રીતે વિકસી ગઈ હોય છે એ એક સારી બાબત છે. એ ઉપરાંત સબમરીનમાં લાંબો સમય રહેવાનું થાય ત્યારે સમયાંતરે આ મેમ્બર્સની શારીરિક- માનસિક સ્થિતિની ચકાસણી સમયાંતરે છતાં સતત થતી રહે છે છતાં આ મેમ્બર્સ જ્યારે ડ્યૂટી પૂરી કરીને સબમરીન સાથે સપાટી પર આવે ત્યારે કેટલાંક ચોક્કસ પ્રકારના અનિવાર્ય શારીરિક-માનસિક સ્વાસ્થ્યનાં પડકારોનો સામનો તેના વિશેની પૂરી જાણકારી અને સજ્જતા સાથે કરવો પડે છે. જોકે આ પરિસ્થિતિનો સમયગાળો નક્કી હોય છે તે સારી વાત છે.

ટૂંકમાં સબમરીન વૉરફેર માટે એમ કહેવાય કે તેમાં યુદ્ધ કરતાં તેની આંતરિક જીવનશૈલી ખરેખર તો વધુ પડકારજનક હોય છે.




# ‘ટોક્સિક’ ખસી જતાં ‘ધુરંધર’ ની સરખામણી ‘ધુરંધર ૨’ સાથે વધુ થશે!

રણવીર સિંહની ફિલ્મ ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ ની સ્પર્ધા હવે કોઈ બીજા સુપરસ્ટાર સાથે નથી પણ પોતાની જ લેગસી સાથે છે. નવા ટ્રેલરમાં ‘પાકિસ્તાન કા મુસ્તકબિલ અબ હિન્દુસ્તાન તય કરેગા’ અને ‘રો ક્યોં રહા હૈ લાલે? તૂને સુના નહીં, જહાં દર્દ હૈ વહાં મર્દ હૈ’ જેવા સંવાદ આખી ફિલ્મનો મિજાજ સ્પષ્ટ કરે છે. યશના ખસી જવાથી જે ખાલી જગ્યા ઊભી થઈ છે તેને આ ટ્રેલરે માત્ર સાડા ત્રણ મિનિટમાં ભરી દીધી છે. ‘ટોક્સિક’ મોકૂફ રહેવાથી માર્કેટમાં થોડી શાંતિ જરૂર થશે પણ જ્યારે તે આવશે ત્યારે સુનામી લાવશે. રણવીર સિંહ માટે આ સમય પોતાનો સિક્કો જમાવવાનો છે. હવે તેની સરખામણી તેના પોતાના પાછલા પર્ફોર્મન્સ સાથે થશે. જો રણવીર ‘ધુરંધર’ ના સ્તરને વટાવી જાય તો તે બોલિવૂડનો અસલી ધુરંધર સાબિત થશે. ઘણા લોકો યશને ટ્રોલ કરી રહ્યા છે કે તે ‘ધુરંધર 2’ થી ડરીને પાછો હટી ગયો છે. ટક્કર ના થવાથી ‘ટોક્સિક’ ની ઈમેજને થોડો ધક્કો જરૂર લાગ્યો છે પરંતુ આ એક ધંધાકીય નિર્ણય હોય શકે છે.

**યશ અત્યારે એવી ઊંચાઈ પર છે જ્યાં તેને કોઈ ફ્લોપનો ડર નથી પણ પરફેક્શનનું દબાણ ચોક્કસ છે. ‘KGF 2’ પછી તેણે 3-૪ વર્ષનો જે વિરામ લીધો છે તે બતાવે છે કે તે માત્ર પૈસા કમાવા માટે ફિલ્મો નથી બનાવતો**

જો ‘ધુરંધર 2’ સાથે એ ટકરાઈ હોત તો તેને હિન્દી બેલ્ટમાં પૂરતી સ્ક્રીન્સ ન મળત અને મિડલ ઈસ્ટના યુદ્ધને કારણે વિદેશી કલેક્શનમાં પણ મોટું નુકસાન થયું હોત. યશ માટે મિડલ ઈસ્ટ માર્કેટ ખૂબ મહત્ત્વનું છે કારણ કે ‘KGF 2’ ના વિદેશી કલેક્શનના ૨૦૦ કરોડમાંથી ૧૦૦ કરોડ તો ફક્ત ત્યાંથી જ આવ્યા હતા. સામે પક્ષે આદિત્ય ધરની ‘ધુરંધર ૨’ છે. જેને મિડલ ઈસ્ટના ધંધાની જરૂર નથી કારણ કે તે ‘મેડ ઈન ઈન્ડિયા’ ના જોરે જ આખી દુનિયામાં નંબર વન બની શકે છે. પ્રથમ ભાગ મિડલ ઈસ્ટમાં પ્રતિબંધિત હોવા છતાં સફળ રહ્યો હતો. બીજા ભાગ માટે એ જ પડકાર રહેશે પણ ભારતીય દર્શકોનો સહયોગ તેને ગ્લોબલ લેવલે ‘ધુરંધર 1’ થી મોટી બનાવશે. યશ અને તેની ટીમ કદાચ ઈચ્છે છે કે ‘ધુરંધર ૨’ રજૂ થઈને તમામ રેકોર્ડ્સ તોડી નાખે. જેથી ૪ જૂને જ્યારે ‘ટોક્સિક’ આવે ત્યારે તેને ખબર હોય કે તેણે કયો લક્ષ્યાંક પાર કરવાનો છે.

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

યશ અત્યારે એવી ઊંચાઈ પર છે જ્યાં તેને કોઈ ફ્લોપનો ડર નથી પણ પરફેક્શનનું દબાણ ચોક્કસ છે. ‘KGF 2’ પછી તેણે ૩-૪ વર્ષનો જે વિરામ લીધો છે તે બતાવે છે કે તે માત્ર પૈસા કમાવા માટે ફિલ્મો નથી બનાવતો. એમ કહેવાય છે કે વાર્તામાં ફેરફાર, ગ્રાફિક્સનું કામ અને કાસ્ટિંગમાં થઈ રહેલા ફેરફારોને કારણે આ નિર્ણય લેવાયો છે. તેને ઉતાવળમાં નબળી ફિલ્મ આપીને પોતાની ઈમેજ બગાડવી નથી. યશની કલગીમાં આનાથી કોઈ નકારાત્મક ફરક નહીં પડે. ઊલટું તેના ચાહકો વધુ ઉત્સુક થશે. જો કે એમ કહેવાવાળા પણ છે કે યુદ્ધનું કારણ તો માત્ર એક બહાનું હોઈ શકે છે. અસલી ડર ‘ધુરંધર 2’ સાથેની ટક્કરનો છે ‘ધુરંધર 2’ ની ઓવરસીઝ એડવાન્સ બુકિંગ ‘ટોક્સિક’ કરતાં ઘણી વધુ ઝડપી હતી. ભારતમાં તો માત્ર વીકએન્ડના એડવાન્સ બુકિંગથી જ રૂ.100 કરોડ કમાઈ શકે છે. જો બંને ફિલ્મો ટકરાઈ હોત તો ‘ટોક્સિક’ ને હિન્દી બેલ્ટમાં ૫૦% સ્ક્રીન્સ મળવી પણ મુશ્કેલ થઈ જાત અને એનું પહેલું ગીત ‘તબાહી’ રજૂ થયું પણ તેનું વીડિયો વર્ઝન બહાર ન આવ્યું. એ બતાવે છે કે નિર્માતાના હાથમાંથી કંટ્રોલ છૂટી રહ્યો હતો. આ નિર્ણયથી યશના ચાહકોનું દિલ તૂટ્યું છે. ભલે બોક્સ ઓફિસ પર આ નિર્ણયથી પાછળથી ફાયદો થશે પણ ‘ધુરંધર 2’ ના ફેન્સ સામે યશના સમર્થકોને નીચું જોણું તો થયું જ છે. ઘણા કટાક્ષમાં કહે છે કે, ‘રોકી ભાઈને પણ ડર લાગે છે!’ ‘ધુરંધર 1’ ફિલ્મે પોતાની મેરિટ પર સફળતા મેળવી હતી. પાકિસ્તાનવાળા એન્ગલ અને રો એક્શનને કારણે તેણે હિન્દી બેલ્ટમાં ધૂમ મચાવી હતી. તેના રૂ.૧૩૦૦ કરોડના રેકોર્ડને તોડવો એ ‘ધુરંધર ૨’ માટે પહેલું લક્ષ્ય હશે. પ્રથમ ભાગે જ્યારે રૂ.૧૩૦૦ કરોડનો આંકડો પાર કરીને પાકિસ્તાન અને બોલિવૂડમાં ખળભળાટ મચાવ્યો હતો ત્યારે કોઈએ વિચાર્યું નહોતું કે આદિત્ય ધર આટલી જલ્દી તેનાથી પણ મોટું અને ઘાતક ભાથું લઈને આવશે. ‘ટોક્સિક’ ખસી જવાથી હવે તેને ૧૯ માર્ચની વિન્ડોમાં સોલો રિલીઝ મળી છે. આનો અર્થ એ કે બધી જ સ્ક્રીન્સ તેની પાસે હશે. જે તેને રૂ.૨૦૦૦ કરોડના ક્લબ તરફ લઈ જઈ શકે છે. આ વખતે હાઈપ ઘણી મોટી છે. હવે જોવાનું એ રહેશે કે શું બીજો ભાગ વાર્તા અને ઈમોશન્સમાં પ્રથમ ભાગ કરતાં વધુ ઊંડો છે કે માત્ર એક્શનનો ભપકો છે. ‘ધુરંધર 2’ નું ટ્રેલર એ ખાતરી આપે છે કે આ વખતે માત્ર એક્શન નથી પણ એક એવી વાર્તા છે જે તમને સીટ સાથે જકડી રાખશે. જે લોકો પહેલા ભાગને શ્રેષ્ઠ માનતા હતા તેમને આ ટ્રેલરે વિચારતા કરી દીધા છે. હવે બોક્સ ઓફિસ પર એક એવી જંગ શરૂ થઈ જે ‘ધુરંધર’ વિરુદ્ધ ‘ધુરંધર 2’ ની છે. બે ભાગો વચ્ચેની આ સરખામણી માત્ર કમાણી પૂરતી મર્યાદિત નથી. તે કન્ટેન્ટ, ઈમોશન્સ અને સિનેમેટિક અનુભવની કસોટી છે. પ્રેક્ષકો અત્યારે સોશ્યલ મીડિયા પર એ ચર્ચાઓમાં વ્યસ્ત છે કે શું આદિત્ય ધર પોતાના જ પહેલા ભાગના રેકોર્ડ તોડી શકશે? જો કે વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને સિનેમેટોગ્રાફી જોઈને લાગે છે કે કન્ટેન્ટના મામલે આ ફિલ્મ પહેલા ભાગને પણ પાછળ છોડી દેશે.

**ઓટોગ્રાફ!**

૧૯ માર્ચે ‘ધુરંધર ૨’ બતાવતા થિયેટરમાં AC ફૂલ હશે તો પણ ગરમી લાગી શકે છે કારણ કે રણવીર સિંહનો ગુસ્સો આખા હોલનું તાપમાન વધારી દેશે!

# એક દુઃખદ સત્ય ઘટના…!

આપણે જાણીએ છીએ કે ડાયાબિટીશવાળાને ગળપણની પરહેજી હોય છે, પણ તેથી એમ ન કહી શકાય કે ગૉળ નકામી વસ્તુ છે. અત્રે સત્યઘટનારૂપે નહીં પણ નજરે નિહાળેલી જીવંત કહાની રૂપે સાચી વાત રજૂ કરું છું. અમે લેખ લખવાનો વિષય શોધતા હતાં ત્યાં કંઈક એવું બન્યું કે તે જોઈ મન બોલી ઊઠ્યુંઃ “અરે વાહ..! આનાથી સુંદર વિષય બીજો કયો હોઈ શકે? અમે શું જોયું તે જણાવું. ઢોરના ડબ્બામાં ઢોર પૂર્યા હોય તેમ 15-20 ભૂલકાંઓથી ચીકાર ભરેલી રિક્ષા પૂરપાટ દોડતી જઈ રહી હતી. તે જોઈ અમને એવું લાગ્યું કે ટ્રક ભરીને ઢોર જાણે કતલ ખાને ન લઈ જવાતા હોય..! આપણે પોલીસમાં ફરિયાદ કરીને ઢોર છોડાવી શકીએ,



**આજે અઢી વર્ષના બાળકને માથે ટ્યૂશનનો ત્રાસ શરુ થઈ જાય છે. પહેલું વર્ષ પ્લેગૃપનું..! પછી જુનિયર કેજી અને સિનિયર કેજીની બેવડી જફા શરુ થાય. દોસ્તો, ટ્યૂશનનો ત્રાસ તો પહેલા ધોરણથી જ શરુ થઈ જાય..!**

પણ બાળકો માટે એવી જીવદયાની કોઈ વ્યવસ્થા નથી. દોસ્તો, આ દેશમાં બાળકો જેટલો કમનસીબ જીવ બીજો એકે નથી. ટ્યૂશનની બદી એકવીસમી સદીને સદી ગઈ છે. બાળકોને મળશ્કે પાંચ વાગ્યે ભર ઊંઘમાંથી ઊઠાડી કાઢવામાં આવે છે. તેની ઊંઘભરેલી આંખો સામે નાસ્તાની ડિશ મૂકવામાં આવે છે. તેણે ન ખાવું હોય તો પણ ખાવું પડે છે. પછી રિક્ષા આવે છે. એ રિક્ષા તમે જુઓ તો જરૂર લાગે કે એ હરતી ફરતી જેલ છે. બાળકોથી ચિકાર એવી રિક્ષામાં બાળક તેના અધમણના દફતર સાથે જેમ તેમ ઘૂસે છે. રિક્ષામાં એક એકથી ચડિયાતા બારકસો હોય છે. તેમના તરેહ તરેહના તોફાનો વેઠતું બાળક સ્કૂલે પહોંચે છે. ત્યાં ક્લાસમાં ટીચરના ત્રાસ શરુ થાય છે. હોમવર્ક કેમ નથી કર્યું? કવિતા કેમ આવડતી નથી? બાળકોના ખેલવા કૂદવાનો સમય છીનવી લઈને આપણે તેને ભણવા બેસાડીએ છીએ. દોસ્તો, એ દૃશ્ય તમે ન જોયું હોય તો ક્યારેક જરૂર જોજો. જે રીતે બાળકોને ભણાવવામાં આવે છે, તે જોઈ એવું લાગ્યા વિના રહેતું નથી કે એ વર્તમાન યુગની બાળહત્યા છે. એમાં બાળકની આંખો ચૂપચાપ અશ્રુપાત માટે મજબૂર બને છે. એ અપરાધની કોઈ સામાજિક સજા ન જાહેર થાય ત્યાં સુધી છાતી ઠોકીને કહી શકાય કે એ બાળશોષણ બાવીસમી સદીમાં પણ ચાલુ રહેવાનું છે.

અમારા જમાનામાં ટ્યૂશનો ન હતાં. જુનિયર કે.જી. કે સીનિયર કે.જીની બેવડી જફાય ન હતી. બાળકોને પૂરા પાંચ વર્ષ સુધી ખેલવા કૂદવાનો સમય મળતો. છઠ્ઠા વર્ષે પહેલા ધોરણમાં પ્રવેશ મળી જતો. નો ટ્યૂશન.. નો ડોનેશન.. ડાયરેક્ટ એડમિશન! આજે અઢી વર્ષના બાળકને માથે ટ્યૂશનનો ત્રાસ શરુ થઈ જાય છે. પહેલું વર્ષ પ્લેગૃપનું..! પછી જુનિયર કેજી અને સિનિયર કેજીની બેવડી જફા શરુ થાય. દોસ્તો, ટ્યૂશનનો ત્રાસ તો પહેલા ધોરણથી જ શરુ થઈ જાય..! (એવડા નાના બાળકને ટ્યૂશનની શી જરૂર પડતી હશે તે સમજી શકાતું નથી) સમાજ બદલાયો છે. મૂલ્યો બદલાયા છે. જીવનની રહેણી કરણી બદલાઈ છે. લોકોની વિચારધારામાં આમૂલ પરિવર્તન આવ્યું છે, પણ સ્વતંત્ર રીતે વિચારવાની શક્તિ ઘટી છે. હવે સ્પર્ધાત્મક યુગનું આગમન થયું છે. પોતાનું ભલુ બૂરુ શેમાં છે તે અંગેના મૌલિક વિચારોને બદલે દેખાદેખી વધી છે. એક ઘેટું ખાડામાં પડે તેની પાછળ ચાલતાં બીજાં ઘેટાંઓ પણ ખાડામાં પડે છે. પાડોશીનું નાનુ ટાબરિયું ટ્યૂશને જાય છે તો આપણે કાંઈ પાડોશીથી ઉતરતા ઓછા છે..? આમ સૌએ ખભેખભા મિલાવીને દૂધમલ બાળકનું શોષણ કર્યું છે. એમ કહી શકાય કે આજે શિક્ષણ નર્યું ટ્યૂશનલક્ષી અને ભણતર ટોટલી ગાઈડલક્ષી બની ગયું છે. અમારા જમાનામાં ગાઈડ શબ્દ જ સાંભળવા મળતો ન હતો. ફરજિયાત પાઠ્યપુસ્તકો વાંચીને પરીક્ષા આપવી પડતી. હવે તો કહે છે- પ્રશ્નપત્રો કાઢવામાં પણ ગાઈડની મદદ લેવાય છે અને શિક્ષકોને ચપ્પુ બતાવીને પેપરો લખાય છે. ક્યાંક તો ખુદ શિક્ષકો જ વિદ્યાર્થીઓને ચોરી કરવામાં મદદ કરે છે. વૉટ એ ફોલ..!

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

આ મુદ્દાનું એક અન્ય પાસું પણ વિચારવા જેવું છે. સારો કહો કે ખરાબ પણ સમય કંઈક એવો આવ્યો છે કે બાળકોને નાનપણથી જ માબાપે મિલીટરી જેવી કડક ટ્રેનીંગ આપવી પડે છે. કદાચ એ વાલીઓની ય સમયલક્ષી મજબૂરી છે. માબાપો એવું નથી ઈચ્છતા કે બાળકો છ વાગ્યે ઊઠીને ટ્યૂશને જાય! પણ આજના શૈક્ષણિક પરિવર્તનો, વર્તમાન પરિબળો અને આજનો સ્પર્ધાત્મક યુગ. એ બધાં સાથે તાદાત્મ્ય સાંધવાનું ફરજિયાત બની ગયું છે. રોજી રોટીના કારમા સંઘર્ષમાં પડેલા સર્વ વાલીઓ પાસે પોતાના બાળકોને ભણાવવાનો સમય જ હોતો નથી. પણ જેઓ પોતાના બાળકોના શિક્ષણ પાછળ ધ્યાન નથી આપતાં તે બાળકો નિશાળમાં પાછળ રહી જાય છે.

આજના વાલીઓની સમસ્યા એ છે કે તેમણે અનિચ્છાએ પણ દુનિયાની દોડમાં પોતાના બાળકને અન્ય બળકોની સમકક્ષ રાખવો પડે છે. એથી જો તેઓ પ્રવર્તમાન શૈક્ષણિક વ્યવસ્થાને અનુકુળ ન થાય તો શિક્ષકો તેમને ઠપકો આપતા કહે છેઃ ‘વડીલ તમારું બાળક શાળામાં ઠીક રીતે ચાલતું નથી. આજના વાલીઓની સમસ્યા એ છે કે દુનિયાની દોડમાં તેમણે બાળક સાથે અનિચ્છાએ પણ દોડવું પડે છે.

સારી કે ખરાબ, જેવી છે તેવી પણ આ દુનિયામાં જ બાળકે સ્થાન મેળવવાનું છે. એથી બધાં જે ઝડપે દોડે તે ઝડપે જ પોતાનું બાળક પણ દોડે તેવી તકેદારી દરેક વાલીઓએ રાખવી પડે છે. જોકે આ તંદુરસ્ત જીવનશૈલી નથી પણ માનવજીવનની સર્વ ગતિવિધિ સંજોગને આધિન હોય છે. અસલના જમાનામાં માબાપ શિક્ષકોને ઠપકો આપીને કહેતાઃ ‘માસ્તર, અમારા દીકરાને એકડા બરાબર આવડતા નથી. તમે શું ભણાવો છો?

આજે શિક્ષકો વાલીઓને ખખડાવે છેઃ “તમારા છોકરાને વન.. ટુ.. થ્રી.. બરાબર આવડતું નથી તમે ઘરે થોડું શીખવો. સમય ન મળતો હોય તો ટ્યૂશને મોકલો. નેવના પાણી મોભે ચઢે તેવો કળિયુગ આવ્યો છે. સમયના ગમે તેવા અળખામણા પરિવર્તનો માણસે સ્વીકારવા પડે છે. ક્રાંતિકારી વિચારો ધરાવતા માણસોએ પણ દુનિયાના બધાં દસ્તુરોનું નીચી મૂડીએ પાલન કરવું પડે છે. આપણે બધાં જ સિસ્ટિમના શિકાર છીએ. બોલો છે કોઈ ઉપાય?

**ધૂપછાંવ**

વોલ્ટરે કહ્યું છેઃ ‘માણસ પતંગિયા જેવું ઊડી શકે છે. ગરુડ જેવું નહીં. અર્થાત્ આકાશને આંબી જતાંપહેલાં દુનિયાના બધાં દસ્તુરોનું આપણે પાલન કરવું પડે છે. આ વાત સમજાવતી એક સુંદર કહેવત દક્ષિણ ગુજરાતમાં બોલાય છે. “સાપ બહાર વાંકો ચાલી શકે પણ દરમાં તેણે સીધા થવું પડે છે. જીવનના રસ્તાઓમાં જ્યાં જ્યાં વળાંક હશે ત્યાં સીધા માણસે પણ વંકાવું જ પડશે. છૂટકો નથી.